VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ગુજરાતની વિચરતી અને વિમુક્ત જાતિઓ: વાદી અને નટ બજાણિયા જાતિઓનું લોકવાડમય

## વજીર પ્રવિણભાઈ ભીખાભાઈ

(ગુજરાતી વિભાગ)

સરનામું- રામનગર સોસાયટી, મુ.પો- લાખણી તા-લાખણી જિ-બનાસકાંઠા પિન-385581

મોબાઈલ નંબર- 9427512191

ઈમેઈલ- pravinvajir@gmail.com

જયારે અક્ષરજ્ઞાન નહોતું, શિક્ષણનો પ્રચાર અને પ્રસાર નહોતો, એટલે કે જ્ઞાનોપાર્જન સંદર્ભે પ્રવર્તમાન સાધનોનો અભાવ વર્તાતો હતો, લોકોમાં જ્ઞાન પરત્વેની સુઝબુઝ કે જાગૃતિનો અભાવ હતો, જયારે માહિતીના પ્રચાર અને પ્રસાર માટે માધ્યમો નહોતા ત્યારે આવી જાતિઓએ સમાજને સંસ્કૃતિ, સંસ્કારો, વ્યવહારો, ફરજો, આચાર-વિચાર જેવી બાબતોથી જનજાગૃતિ લાવવાનું ગૌરવવંતુ કાર્ય કર્યું હતું,

ભારતની મૂળ પ્રજા એક મોટો સમુદાય ધંધાની શોધમાં ઘર ઘર ને ગામેગામ ભટકતો રહ્યો. અસ્થિર જીવન જાણે કે તેમને કોઠે પડી ગયું હતું. આજે પણ અનેક કૉમ અને કબીલા એવા છે, થોડાંક ઘેટાં-બકરાં, ઊંટ, પાળેલા અને વફાદાર એવા ૨-૩ કૂતરાં, થોડીક ગોદડીઓ અને ખપપુરતો સામાન જેની મિલકત છે તેવી વિચરતી જાતિઓ રોજગારીની અને કાયમી તલાશમાં ઠેર-ઠેર ભટકતી હોય છે, ઉપર આભ અને નીચે ધરતી તેમનો આશરો હોય છે. ઉનાળો ભલે આગ વરસાવતો હોય, શિયાળો ગાત્રો થીજી જાય એવી ઠંડી વેરતો હોય અને ચોમાસામાં અનરાધાર વરસાદ તથા વાવાઝોડાની આપત્તિનો માહોલ હોય...આ જાતિઓ માટે તો કુદરત સિવાય કોઈનોય આશરો હોતો નથી. ગામના પાદરમાં, ખેતરમાં કે ખુલ્લી જગ્યામાં કોઈ એકાદ વૃક્ષની છાયામાં તેમનો પડાવ હોય છે, જાણે કે વિપદાઓ સામે ઝઝૂમતા રહેવાની તેમણે ટેવ પડી ગઈ હોય છે.

❖ **મનોરંજન કરાવનાર લોક જાતિઓ:-**

જૂના-પ્રાચીન સમયમાં જયારે આજના ટી.વી., ફિલ્મો, વીડીઓ જેવાં મનોરંજનના માધ્યમો નહોતા ત્યારે વાદી, મદારી, નટ, બજાણિયા, ભવાયા, રામલીલાવાળા, કઠપૂતળી અને નાથબાવા, કાંગસિયા, બહુરૂપી, મલ્લ, માણભટ્ટ અને ગામઠી જાદુગરો એ માનવજીવનને લોક મનોરંજન સાથે તાજગીભર્યું અને જીવંત રાખ્યું છે.

❖ **નૃત્યુ-લોક સંગીત:-**

ડુંગરાની ગાળિયું, જંગલ-ઝાડિયું કે મેદાની પ્રદેશના ગામડા-ગામના અભણ-નારીઓ પોતાના હૃદયના ભાવો અને ઊર્મિઓને અભિવ્યક્ત કરવા માટે ઉપજાવેલું સહજ સંગીત એ લોકસંગીત છે. હાલરડાં ગાતી, દુહાથી ડુંગર ગજાવતો ગોપ, તંબુરના તાર માથે ગળતી રાતે ભજન ગાતો ભજનિક, પરોઢીએ ઊઠીને પ્રભાતિયાંના સૂરે દળણા દળતી બાઈઓ, કોસ હાંકતો ને રામબલા લલકારતો કોસિયો, મેળે જતાં ગીત ગાઈને વગડો ગજવતા જુવાનિયા ને જુવતીઓ, વિલંબિત સૂરે મરશિયા ગાતી મીરાંણી કે લંઘા નારીઓનાં ગીતો લોકોને રીઝવવા માટેનાં નથી. એમાં નિજાનંદની મસ્તી છે, એમાં ગાનાર અને સાંભળનાર પોતે જ હોય છે એટલે એ રીતે જોઈએ તો લોકસંગીત લોકોને રીઝવવા હેતુપૂર્વક કોઈએ રચેલું સંગીત નથી, પણ લોકોના જીવન વ્યવહારમાંથી નીપજેલું લાગણીનું સંવેદન છે. લોકસંગીત એ લોકજીવનની નીજી મૂડી છે.

http://vidyajournal.org

**(૧) વાદી, મદારી, ગારુડી-નાથબાવા:-**

વાદી, મદારી, નાથબાવા અને ગારુડી મહુવરના મીઠા સ્વરે સર્પને રમાડીને લોકોનું મનોરંજન કરે છે. વાદીઓમાં લાલવાદી, ફૂલવાદી, ધાનવાદી, માનવાદી, ગારુડી, ભર્યો જેવી જુદી-જુદી સાતેક શાખાઓ જોવા મળે છે. મૂળ મારવાડ, સિંધ અને કચ્છમાંથી ઊતરી આવ્યા છે. વાદી, ગારુડી એ ભટકતી જાતિ છે. સૌરાષ્ટ્રમાં વાંકાનેર, મોરબી, મકાસર, કચ્છમાં ભચાઉ, કંથકોટ, ખેડા જિલ્લામાં દહેગામ, આંત્રોલી, ઉત્તર ગુજરાતમાં ભીલોડા, રાધનપુર, ખેડબ્રહ્મા, વડાલી, સતલાસણા વગેરે ગામડામાં વસે છે.

વાદી ગાલુન્ડીનાગ, નોળિયો, જરખ, અજગર, સસલું, આંધળી ચાકોર જેવાં જાનવરો સાથેના ખેલ દ્વારા મનોરંજન કરે છે. ધ્રાંગધ્રાના સમજુનાથ મદારી મોમાંથી જીવતા સાપ અને વીંછી કાઢે છે, પેટમાં તલવાર ઉતારે છે, મોમાંથી બાવળની સૂળો કાઢે છે. અંટી ગુમ કરવી, હાથમાંથી કંકુ કાઢવુ વગેરે હાથ ચાલાકી દ્વારા જાદુમંતરના ખેલો બતાવે છે. આ ખેલોની બોલી પણ અભ્યાસીઓને એક નવો વિષયપુરો પાડે છે. ઉ.ત.

**"જૂઓ જસુભા !**
**ખેલ ખેલાડીના**
**ઘોડા અસવારના**
**ગધેડા કુંભારના**
**ખેતી પાટીદારની**
**હથિયાર દરબારનું**
**દુકાન વાણિયાની**
**અને ખેલ મદારીના."**

**(૨) નટ બજાણિયા:-**

ગુજરાતનાં ગામડાંમાં ફરીને આલમની અઢારે વરણનું મનોરંજન કરનાર નટને સૌ કોઈ ઓળખે. વાંસની ઘોડી પર દોરડું બાંધી ખેલ કરનાર નટ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, સિંધ, લાહોર, અમૃતસર, ઇન્દોર દિલ્હી વગેરે પ્રદેશમાં વસે છે. સૌરાષ્ટ્રમાં નટ લોકો ગોડિયા, ગોડ બજાણિયા કે નટ બજાણિયાના નામે જાણીતા છે. એમ કહેવાય છે કે જૂના વખતમાં ધ્રાંગધ્રાના રાજવી જહાંજી ઝાલાએ નટ લોકોને બજાણા ગામ ગરાસમાં આપ્યું હતું. આથી ત્યાં રહેનારા નટો બજાણિયા તરીકે ઓળખાય છે.

નટમાં ત્રણ-ચાર ફાંટા છે. એક રાજનટ અને બીજા મારવાડી નટ. રાજનટ ઘણુંખરું રાજ-રજવાડાઓમાં ખેલ કરતા, જયારે રાજસ્થાનમાંથી આવેલા નટો લોકોમાં ખેલ કરે છે, ત્રીજા હરિજનોના નટ અને ચોથા નટડા છે. આ લોકો પોતાના ખેલ દ્વારા લોકોનું મનોરંજન કરે છે. એમના ખેલોમાં માથાળી, મચકાલો, લાકોડું, સક્કરબાજી, મેરુ, દોરપાણો વગેરે છે. જમીનના ખેલ પુરા કરીને તેઓ દોરડા પર અજબ-ગજબના ખેલ બતાવે છે. દોરડા પર ચાલે છે, ઝૂલા ખાય છે, હોકો પીવે છે, છત્રી લઈને નૃત્ય કરે છે, જીવતું ગધેડું પીઠ પર બાંધીને તેના પર બાળક બેસાડીને દોરડે ચડે છે. જૂના જમાનામાં નટ લોકો ઉડવાની કળામાં પણ પાવરધા ગણાતા.

❖ **કાંગસિયાના ખેલ:-**

કાંસકીઓ બનાવનાર કાંગસિયાઓ પાસે પણ મનોરંજનનો કસબ જોવા મળે છે. દોરડા પર ખેલ બતાવે છે, જ્યારે કાંગસિયા ધરતી પર અંગ કસરતના ખેલ બતાવે છે. તેઓ દોડીને હવામાં ઉછળીને સામસામા અથડાય છે. ગળે બાંધેલી લાકડાની પાટલી પર હવામાં ઉડાડેલા પથ્થરના ગોળા ઝીલે છે. પારેવડી રમાડે છે. દાંત પર બે ખાટલા અને ત્યારબાદ દાંત ઉપર ઉભું હળ મુકીને ચાલે છે. પોતાની મુંછ સાથે ગાડું બાંધીને તાણે છે. આવા ખેલો બતાવીને પોતાનું પેટીયું રળે છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

❖ **મંજીરા વાદનની કલા:-**

મંજીરાવાદન કલા મુખ્યત્વે ગુજરાતમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કામળીયા સાધુની એક જાતિ મંજીરાવાદન માટે વિખ્યાત ગણાતી. કામળીયા સ્ત્રીઓને મંજીરા વગાડતી જોવી એ જીવનનો એક લ્હાવો ગણાતો. ભજન ગાઈ, ભિક્ષા માંગીને જીવન ગુજારો કરનાર આ જાતિની સ્ત્રીઓ શરીરના મુખ્ય અંગો કપાળ-ગળું, કોણી અને પગ પર મંજીરા બાંધી, મોમાં તલવાર લઇ, માથા પર લોટા અને લોટા પર સળગતા દીવા મૂકી દૃત્ત ગતિએ મંજીરા વગાડતી ત્યારે જોનાર બે-ઘડી થંભી જતાં. આજે આ કલા વિલોપાઈ ગઈ છે.

## સંદર્ભગ્રંથ

1. ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત- જોરાવરસિંહ જાદવ
2. લોક જીવનના મોતી- જોરાવરસિંહ જાદવ
3. લોકવાડમય- કનુ જાની
4. લોક સાહિત્ય તત્વ દર્શન અને મૂલ્યાંકન- સંપા- ડૉ.બળવંત જાની

http://vidyajournal.org